# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02-05-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day: FRIDAY** **National News**

નમસ્કાર,આકાશવાણી,

OPENING SIGNATURE TUNE

સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

**મુખ્ય સમાચાર**

**(મ્યુસિક અંડરપ્લે )**

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, દરિયાકિનારો ધરાવતા રાજ્યો અને બંદરો વિકસિત ભારતની વૃદ્ધિમાં મહત્વના કેન્દ્ર બનશે.
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આંધ્રપ્રદેશમાં 58 હજાર કરોડ રૂપિયાથી વધુની વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે
3) આજે કેદારનાથ ધામના કપાટ ખૂલ્યાં, આગામી છ મહિના સુધી શ્રદ્ધાળુઓ દર્શન કરી શકશે
4) દિલ્હીમાં ભારે વરસાદ અને વાવાઝોડાંમાં ત્રણ બાળકો સહિત એક જ પરિવારનાં ચારનાં મોત.
5) I.P.L.માં આજે ગુજરાત ટાઈટન્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે મુકાબલો

..............................................................................

સમાચારને અંતે

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# PM KERALA FOR NOON

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, દરિયાકિનારાના રાજ્યો અને બંદર શહેરો એ વિકસિત ભારતની વૃદ્ધિમાં મહત્વના કેન્દ્ર બનશે. કેરળમાં દેશના પ્રથમ અર્ધ-સ્વચાલિત વિઝિન્જમ બંદરને દેશને સમર્પિત કર્યા બાદ કાર્યક્રમને સંબોધતા શ્રી મોદીએ આ મુજબ જણાવ્યું હતું. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, વિઝિન્જમ બંદર નવી આર્થિક તક લઈને આવશે

(બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી, લોકાર્પણ)

શ્રી મોદીએ કહ્યું, ભારત સરકારે રાજ્ય સરકારના સહકારથી સાગરમાલા પરિયોજના અંતર્ગત બંદરોના માળખાને વધુ સુદ્રઢ બનાવ્યા છે. તેમજ બંદરોના જોડાણમાં પણ વધારો કર્યો છે. શ્રી મોદીએ ઉમેર્યું, પીએમ ગતિશક્તિ અંતર્ગત દરિયાઈ માર્ગો, રેલવે, રાજમાર્ગ અને હવાઈમાર્ગના આંતર-જોડાણને ઝડપથી વધુ સારા બનાવવામાં આવી રહ્યા છે. શ્રી મોદીએ આજે ભગવાન આદિ શંકરાચાર્યજીની જયંતીનો ઉલ્લેખ કરતાં કહ્યું, આદિ શંકરાચાર્યજીએ રાષ્ટ્રની ચેતનાને જાગૃત કરી છે

(બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી, અદાણી પોર્ટ)

. . . . . . . . . . . . . . . .

# JAYSHANKAR WAVES

વિદેશ મંત્રી ડૉ.એસ.જયશંકરે ઉભરતી ટેકનોલોજીના જવાબદાર ઉપયોગ ભાર આપ્યો. શ્રી જયશંકરે મુંબઈમાં વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ સમિટ વેવ્ઝના ગ્લોબલ મીડિયા ડાયલોગ સત્રમાં તકનિકી નવીનીકરણ અને તેના સામાજિક પ્રભાવો પર પોતાના વિચારો રજૂ કર્યા. તેમણે કહ્યું કે પૂર્વગ્રહ ઘટાડવો, સામગ્રીનું લોકશાહીકરણ કરવું અને ટેકનોલોજીકલ નૈતિકતાને પ્રાથમિકતા આપવી એ વર્તમાન સમયની મહત્વની જરૂરિયાતો છે. ટેકનોલોજી અને પરંપરાને સાથે રાખીને આગળ વધવું મહત્વપૂર્ણ છે.તેમણે જણાવ્યું ટેકનોલોજી અને પરંપરાને સાથે લઈને ચાલવું જરૂરી છે. વિશ્વ ભવિષ્ય તરફ આગળ વધી રહ્યું છે. નવીનીકરણ, વિકસિત ભારતના નિર્માણમાં મોટી છલાંગ છે.

. . . . . . . . . . . . . . . .

## PM ANDHRA PRADESH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આંધ્રપ્રદેશના અમરાવતીમાં 58 હજાર કરોડ રૂપિયાથી વધુની કિંમતની વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. શ્રી મોદી સમગ્ર દેશમાં વૈશ્વિક સ્તરના પાયાનું માળખું તેમજ સંપર્ક સુનિશ્ચિત કરવાની પ્રતિબદ્ધતાને અનુરૂપ આંધ્રપ્રદેશમાં સાત

રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરિયોજનાનું પણ ઉદ્ઘાટન કરશે. તેઓ છ રાષ્ટ્રીય રાજમાર્ગ પરિયોજનાઓ અને એક રેલવે પરિયોજનાનું ખાતમુહૂર્ત કરશે.

આ ઉપરાંત શ્રી મોદી વિધાનસભા, વડી અદાલત, સચિવાલય, વહીવટી ભવન અને પાંચ હજાર 200-થી વધુ પરિવાર માટેના આવાસના મકાનોની પરિયોજનાઓનું પણ ખાતમુહૂર્ત કરશે. પ્રધાનમંત્રી આંધ્રપ્રદેશના નાગાય-લંકામાં અંદાજે એક હજાર 460 કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામનારા મિસાઈલ પરિક્ષણ રૅન્જનું ખાતમુહૂર્ત કરશે. તેમાં લૉન્ચ સેન્ટર, ટૅક્નિકલ ઉપકરણ સુવિધા, સ્વદેશી રડાર, ટૅલિમેટ્રી અને ઇલેક્ટ્રૉ-ઑપ્ટિકલ પ્રણાલિ સામેલ હશે, જે દેશની સંરક્ષણ તૈયારીઓને સુદ્રઢ બનાવશે. આ ઉપરાંત શ્રી મોદી અન્ય પરિયોજનાઓનું પણ ખાતમુહૂર્ત કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# LOC FIRING

પહલગામમાં આતંકવાદી હુમલા પછી, પાકિસ્તાની સેના નિયંત્રણ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ પર સતત યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરીને ભારતીય સેનાને ઉશ્કેરી રહી છે. ભારતીય સેનાના એક ટોચના અધિકારીએ જણાવ્યું હતું કે, પાકિસ્તાની સેનાની ચોકીઓ પર ગોળીબારનો યોગ્ય જવાબ આપવામાં આવ્યો હતો. આ અધિકારીના જણાવ્યા અનુસાર, 01-02 મેની રાત્રે, પાકિસ્તાની સેનાએ જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશના કુપવાડા, બારામુલા, પૂંછ, નૌશેરા અને અખનૂર વિસ્તારોમાં

નિયંત્રણ રેખા પર ઉશ્કેરણી વિના ગોળીબાર કર્યો. ભારતીય સેનાના સૈનિકોએ સંયમિત અને યોગ્ય રીતે જવાબ આપ્યો.

અગાઉ 29-30 એપ્રિલની રાત્રે પણ પાકિસ્તાની સૈનિકોએ નૌશેરા, સુંદરબની અને અખનૂર સેક્ટરમાં નાના હથિયારોથી ગોળીબાર કરીને ભારતીય સેનાને ઉશ્કેર્યા હતા.

. . . . . . . . . . . . . . . .

# KEDARNATH DHAM KAPAAT

ઉત્તરાખંડમાં આવેલા વિશ્વ પ્રખ્યાત તીર્થસ્થળ કેદારનાથ ધામના કપાટ આજે સવારે સાત વાગ્યે શુભ મુહૂર્તમાં ભક્તો માટે ખોલવામાં આવ્યા. આગામી છ મહિના સુધી શ્રદ્ધાળુઓ બાબા કેદારના દર્શન કરી શકશે. કપાટ ખૂલતાની સાથે જ હેલિકૉપ્ટરથી શ્રદ્ધાળુઓ પર ફૂલોનો વરસાદ કરવામાં આવ્યો અને આર્મી બૅન્ડે મધૂર ધૂન વગાડી હતી. આ સાથે કેદારનાથની ખીણ શ્રદ્ધાળુઓના જયઘોષ સાથે ગૂંજી ઊઠી. આ પ્રસંગે મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામી ઉપસ્થિત રહ્યા હતા.

અગાઉ અક્ષય તૃતિયાના રોજ વૈદિક મંત્રોચ્ચાર સાથે બુધવારે યમુનોત્રી ધામના કપાટ ખોલવામાં આવ્યા હતા. બાબા કેદારનાથ, બદ્રીનાથ, ગંગોત્રી અને યમુનોત્રી ધામના દર્શન માટે લાખો શ્રદ્ધાળુઓ આવે તેવી શક્યતા છે. કેદારનાથ ધામ માટે હેલીકોપ્ટર સેવાઓ પણ આજથી શરૂ થઈ છે.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# DELHI RAIN DEATHS

આજે સવારે રાષ્ટ્રીય રાજધાની દિલ્હી અને એનસીઆરમાં ભારે વરસાદ અને  વાવાઝોડાને કારણે ચાર લોકોના મોત થયા. દિલ્હી પોલીસે જણાવ્યું કે, આજે સવારે દ્વારકાના ખરખરી કેનાલ ગામમાં જોરદાર પવનને કારણે ખેતરમાં ટ્યુબવેલના મકાન પર ઝાડ પડવાથી માતા અને ત્રણ બાળકો સહિત એક જ પરિવારના ચાર લોકોના મોત થયા અને એકને ઈજા થઈ.

આ દરમિયાન, દક્ષિણ દિલ્હીના જાફરપુર કલાંમાં એક મકાન પર ઝાડ પડવાથી જાનમાલનું નુકસાન થયું હોવાના અને ઘણા લોકો કાટમાળ નીચે દટાયા હોવાના અહેવાલ છે. છાવલામાં પણ એક મકાનની છત પડવાથી ચાર લોકો કાટમાળ નીચે દટાયા હતા. તેમને ખૂબ જ મુશ્કેલીથી બહાર કાઢવામાં આવ્યા હતા. સબઝી મંડી વિસ્તારમાં એક મકાન પર વીજળી પડવાથી આગ લાગી હોવાના અહેવાલ છે.

આ વરસાદ અને વાવાઝોડાને કારણે દિલ્હીના હવાઇ મુસાફરીને અસર થઇ છે અને કેટલીંક ફ્લાઇટના સમયપત્રકમાં ફેરફાર કરવાની ફરજ પડી છે...

. . . . . . . . . . . . . . . .

## IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ- I.P.L. ટી-ટ્વેન્ટી ક્રિકેટમાં આજે ગુજરાત ટાઈટન્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે મુકાબલો થશે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાનારી મૅચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.

ગઈકાલે મુંબઈ ઇન્ડિયન્સે રાજસ્થાન રોયલ્સને 100 રનથી પરાજય આપ્યો. મુંબઈએ રાજસ્થાનને જીતવા 218 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. જવાબમાં રાજસ્થાનની ટીમ 117 રનમાં ઑલ-આઉટ થઈ ગઈ હતી. રાજસ્થાન માટે જોફ્રા આર્ચરે સૌથી વધુ 30 રન બનાવ્યા. જ્યારે મુંબઈ માટે ટ્રેન્ટ બૉલ્ટ અને કર્ણ શર્માએ ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી.

આ પહેલા રાજસ્થાને ટૉસ જીતીને મુંબઈની ટીમને બેટિંગ કરવા આમંત્રણ આપ્યું. મુંબઈએ 20 ઑવરમાં બે વિકેટ ગુમાવી 217 રન બનાવ્યા. મુંબઈ તરફથી રયાન રિકેલ-ટને સૌથી વધુ 61 રન બનાવતા તેમને પ્લેયર ઑફ ધ મૅચ જાહેર કરાયા હતા. દરમિયાન રાજસ્થાનના મહીશ તિક્ષના અને રિયાન પરાગે એક-એક વિકેટ લીધી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IPL ORANGE CAP

મુંબઈ ઈન્ડિયન્સના બેટ્સમેન સૂર્યકુમાર યાદવે ગુરુવારે, વિરાટ કોહલી અને સાઈ સુદર્શનને પાછળ છોડીને ઈન્ડિયન પ્રીમિયર લીગમાં ઓરેન્જ કેપ મેળવી છે.

ગુરુવારે રાજસ્થાન રોયલ્સ સામે સૂર્યકુમાર યાદવે, 23 બોલમાં અણનમ 48 રન ફટકારીને આ સિઝનમાં પોતાનો કુલ સ્કોર 475 પર પહોંચાડ્યો હતો.. આ સાથે, તેણે ઓરેન્જ કેપની રેસમાં પ્રથમ સ્થાન મેળવવા માટે, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના વિરાટ કોહલીના 443 રન અને ગુજરાત ટાઇટન્સના બી સાઈ સુદર્શને કરેલા 456 રન પાછળ છોડી દીધા છે.

સૂર્યકુમારે 11 મેચ રમી હોવા છતાં, સુદર્શને આ રન 9 મેચમાં અને કોહલીએ 10 મેચમાં બનાવ્યા છે. યશસ્વી જયસ્વાલ ચોથા સ્થાને યથાવત છે..પર્પલ કેપની રેસમાં, હેઝલવુડ સૌથી આગળ છે.

. . . . . . . . . . . . . . . .

# RAILWAY CLOCK COMPETITION

ભારતીય રેલવેએ નવી ડિજિટલ ઘડિયાળની ડિઝાઈન માટે રાષ્ટ્રવ્યાપી સ્પર્ધાની જાહેરાત કરી છે. આ સ્પર્ધામાં તૈયાર માનક

**ઘડિયાળોને દેશભરના રેલવે મથક અને તમામ પ્લેટફૉર્મ પર લગાવવામાં આવશે. આ સ્પર્ધામાં ત્રણ વર્ગમાં વ્યવસાયિક, વિશ્વ-વિદ્યાલય અને શાળાના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે.**

**રેલવેના માહિતી અને પ્રચાર કાર્યકારી નિદેશક દિલિપ કુમારે કહ્યું, સ્પર્ધામાં પહેલા સ્થાને પસંદ કરાયેલી ડિઝાઈનને પાંચ લાખ રૂપિયાનો પુરસ્કાર અપાશે. જ્યારે અન્ય ત્રણેય વર્ગમાં પચાસ-પચાસ હજારના પાંચ આશ્વાસન પુરસ્કાર અપાશે. સ્પર્ધકો આ મહિનાના અંત સુધીમાં પોતાની ડિઝાઈન ઑનલાઈન મોકલી શકે છે.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# US MIKE WALTS

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે માઈક વૉલ્ટ્ઝને સંયુક્ત રાષ્ટ્રમાં અમેરિકાના આગામી રાજદૂત તરીકે નામાંકિત કર્યા છે. શ્રી ટ્રમ્પના વર્તમાન રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર વૉલ્ટ્ઝ પૂર્વ સૈનિક અને કૉંગ્રેસ સભ્ય રહી ચૂક્યા છે અને તેમને આશા છે કે, નવી ભૂમિકામાં તેમના અનુભવનો લાભ મળશે.

દરમિયાન વિદેશ મંત્રી માર્કો રૂબિયો રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર તરીકે કામ કરશે. તેઓ હંગામી ધોરણે બંને ભૂમિકા નિભાવશે.

. . . . . . . . . . . . . . .

# NEPAL PRESIDENT

નેપાળના રાષ્ટ્રપ્રમુખ રામચંદ્ર પૌડેલ, આજે બપોરે સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધિત કરશે. તેઓ સરકારની નીતિ અને કાર્યક્રમની વિગતો રજૂ કરશે. બપોરે 3:00 વાગ્યે બંને ગૃહોની સંયુક્ત બેઠક બોલાવવામાં આવી છે. આગામી નાણાકીય વર્ષ માટે સરકારની નીતિઓ અને કાર્યક્રમો સંયુક્ત સત્રમાં રજૂ કરાશે..

. . . . . . . . . . . . . . . .